શિક્ષા અધિકાર રેલી અન્વયે શહેરની કોલેજોમાં સભા યોજાઈ

કલોલ, માણસા અને દહેગામ બાદ એન.એસ.યુ.આઈ.ની રેલી ગાંધીનગર પહોંચી : વિદ્યાર્થીઓ બાઈક સાથે જોડાયા

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યમાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજોનો વધારો અને સરકારની શિક્ષણ વિરોધી નીતિ સામે નેશનલ સ્ટુડન્ટ યુનિયન ઓફ ઈન્ડિયા દ્વારા આરંભાયેલી શિક્ષા અધિકાર રેલી આજે ગાંધીનગર પહોંચી હતી. આ તબક્કે સે. ૮ સમર્પણ આર્ટસ કોલેજ પાસેથી વિશાળ બાઈક રેલી યોજવામાં આવી હતી. શિક્ષા અધિકાર રેલીના આગમન બાદ શહેરની કોલેજોમાં વિદ્યાર્થીઓની સભા યોજવામાં આવી હતી.

ગત તા. ૫ સપ્ટેમ્બરથી એન.એસ.યુ.આઈ. દ્વારા રાજ્યના વિવિધ ૬ ઝોનમાં શિક્ષા અધિકાર રેલીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. કલોલ, માણસા અને દહેગામમાં પરિભ્રમણ કર્યા બાદ આજે શિક્ષાઅધિકાર રેલી ગાંધીનગરમાં પ્રવેશી હતી. ગુજરાત એન.એસ.યુ.આઈ.ના અધ્યક્ષ ગુલામસિંહ રાજપૂત અને મહામંત્રી અંકીત બારોટે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે સે. ૮ સ્થિત સમર્પણ આર્ટસ કોલેજ પાસે ૧ હજાર વિદ્યાર્થીઓ બાઈક સાથે રેલીમાં જોડાયા હતા. ત્યારબાદ સિદ્ધાર્થ લૉ કોલેજ, સે. ૧૫ કોલેજ કેમ્પસ તેમજ સે. ૨૬ સરકારી પોલીટેકનીક કોલેજ ખાતે સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તબક્કે કોંગ્રેસ પક્ષ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને લેપટોપ આપવાની યોજના સંદર્ભે સમજ આપવામાં આવી હતી. જ્યારે રાજ્યમાં શિક્ષણ વિરોધી નીતિના લીધે શિક્ષણની ગુણવત્તા આડે ગઈ હોવાનો આક્રોશ પણ સ્ટુડન્ટ યુનિયનના આગેવાનોએ ઠાલવ્યો હતો. શિક્ષા અધિકાર રેલીમાં કોર્પોરેટર હર્ષજીત પંડ્યા, રાજદીપસિંહ ગોળ અને પ્રતિકસિંહ ગોહીલ સહિતના યુવા આગેવાનો જોડાયા હતા.

સે.૨ની ગણેશ મહોત્સવની શોભાયાત્રા અશ્વમેધવાળા બાબુભાઈના નિવાસેથી નીકળશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સે.-૨માં ગણેશ ચોક ખાતે ગણેશ મહોત્સવ ઉજવાશે. આ ૧૧મું વર્ષ છે. જે નિમિતે વિવિધ કાર્યક્રમો તા. ૧૯ સપ્ટેમ્બરથી તા. ૨૬ સપ્ટેમ્બર સુધી યોજાશે. બાબુભાઈ પટેલ (અશ્વમેધવાળા) સેકટર-૨એના નિવાસથી શોભાયાત્રા ૧૧.૦૦ કલાકે નિકળશે.

ગોપી મહિલા મંડળ દ્વારા ભજન કાર્યક્રમ, મેજીસીયન નિલેશકુમારનો કાર્યક્રમ, મા-બાપનો ડાયરો, કલાકાર નટુભાઈ પટેલ, હાસ્યત્રિવેણી સંગમ, ૭ સ્ટાર મ્યુઝીકલ પાર્ટી, ફન ગેમ, રાસ-ગરબા વગેરે યોજાશે.

ઉત્સવ સમિતિના પ્રમુખ વિક્રમભાઈ દેસાએ જણાવેલ છે.

મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગરની બહેનોની ગણેશ પ્રાર્થના દુરદર્શન ઉપરથી આજે પ્રસારણ થશે

ગાંધીનગર, તા.૧૮

મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગરની બહેનો દ્વારા ગણેશોત્સવ નિમિતે દુરદર્શન કેન્દ્ર અમદાવાદથી ગણેશ ભગવાનનાં ભજન કિર્તનનો કાર્યક્રમ તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ ૭.૧૫ કલાકે સાંજે પ્રસારીત કરવામાં આવનારા છે.

મરાઠી ભાષામાં કાર્યક્રમ રજૂ થનાર છે. મહારાષ્ટ્ર સમાજની બહેનો કુંદા રાજીવ જોશી, અર્પણા જોશી, સુમેધા મહાજની, હેમાં પંડિત, પ્રતિ શાહ અને મીના ઠાકરે ભાગ લેશે. રાત્રે ૧૦.૦૦ કલાકે પણ પ્રસારીત થનાર છે. મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગરના સહમંત્રી કલ્પેશ વિષ્ણુરાવ બાલપાંડે જણાવેલ છે.

ચ-૭ કોર્નર નજીક સ્થિત સોસાયટીમાં પાણીની પોકાર

ફોર્સથી પાણી ન આપતા રહીશોમાં આક્રોશ

ગાંધીનગર, તા. ૧૮

સે. ૨૯માં ચ-૭ કોર્નર નજીક સ્થિત ખાનગી રહેણાંક સોસાયટીમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. છેલ્લા કેટલાક સમયથી પાણી ફોર્સથી ન આવતુ હોવાની બૂમરાણ વચ્ચે સોસાયટીના રહીશોએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. આ મામલે તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતા પાણીનો પ્રશ્ન હલ થયો નથી.

શહેરમાં ચ-૭ નજીકના કોર્નરમાં સ્થિત રહેણાંક વિસ્તારમાં છેલ્લા બે વર્ષથી પાણી ફોર્સથી ન આવતુ હોવાનો આક્રોશ સ્થાનિક રહીશો ઠાલવી રહ્યા છે. સોસાયટીના અગ્રણી ઐયુબ રંગરેજે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર સોસાયટીમાં ફોર્સથી પાણી આવતું નથી.

અગાઉ મેઈન લાઈનમાંથી પુરવઠો આપવામાં આવતો હતો. તેનો વાલ્વ રોડ નં. ૭ની વચ્ચે હતો. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ વાલ્વ બંધ કરી દેવાયો છે. એક કી.મી. દૂરથી સપ્લાય થતા પાણી પુરવઠાને કેટલાક રહીશો દ્વારા મોટર દ્વારા ખેંચી લેવાતા સોસાયટીના મકાનો સુધી પાણી પહોચતું જ ન હોવાથી રહીશોએ પાયાની જરૂરિયાત સંતોષવા માટે વલખા મારવા પડે છે. આ અંગે અગાઉ પાણી વિભાગના તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. પાણીના પ્રશ્નને હલ કરવા ત્વરિત પગલા લેવા પ્રબળ માંગ કરવામાં આવી છે.

લોક જાગૃતિ કેળવણી જિલ્લા પંચાયત અને માઈકાના સંયુકત ઉપકમે પોસ્ટર્સ અને વિડિયો ફિલ્મ તૈયાર કરાઈ

ગાંધીનગર, તા.૧૮

રાજય સરકાર અનેકવિધ યોજનાઓની જાણકારી તથા સમાજોત્થાન માટે રાજય સરકાર દ્વારા ચાલતી ખાસ ઝૂંબેશો અંગે લોકોમાં જાગૃતિ કેળવાય તે માટે અમદાવાદ જિલ્લા પંચાયત અને મુદ્રા ઈન્સ્ટીટ્યુટ ઓફ કૉમ્યુનિકેશન (માઈકા)ના સંયુકત ઉપકમે અસરકારક પોસ્ટર્સ અને ફિલ્મ તૈયાર કરવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતની આરોગ્ય અને પરિવાર કલ્યાણ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, શિક્ષણ ખાતા દ્વારા ચાલતા કાર્યક્રમોના અસરકારક પ્રચાર પ્રસાર અને લોક જાગૃતિ કેળવવાનાં ભાગરૂપે વિવિધ પ્રકારનાં પોસ્ટર્સ અને ફિલ્મ તૈયાર કરવામાં આવ્યા છે. આરોગ્ય, સ્વચ્છતા, સર્વશિક્ષા અભિયાન, મિશન મંગલમ, ગુટખા પ્રતિબંધ, બેટી બચાઓ, પર્યાવરણ, કુટુંબ કલ્યાણ, સુરક્ષિત જીવન જેવા ૩૮ પ્રકારના અસરકારક પોસ્ટર્સ જિલ્લાનાં ગામે ગામ તથા વિવિધ સ્થળોએ ડિસ્પ્લે કરવામાં આવશે. તેમ જિલ્લા વિકાસ અધિકારી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું અને માઈકાનાં સ્ટુડન્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલા આ અસરદાર પોસ્ટર્સ અંગે અભિનંદન પાઠવ્યા હતા.આ પોસ્ટર્સ એવા છે કે જે તસ્વીર જ બોલી ઉઠએ છે અને તે સૌથી વધુ અસરકર્તા બની રહેશે.

આ પ્રસંગે માઈકાના નિયામક ડૉ. નાગેશ રાવ, પ્રા. સુભાષ તેન્ડલે તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ગાયત્રી પરિવાર ગાંધીનગરે મુખ્યમંત્રીના જન્મદિને દિર્ઘાયુની મંત્રોચ્ચાર પ્રાર્થના

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ગાંધીનગર દ્વારા સેકટર-૪ ઓમકારેશ્વર મહાદેવના સાનિધ્યમાં શ્રીમદ્ ભાગવત પારાયણ કથાનું આયોજન ચાલે છે. જેમાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૬૩મા જન્મદિવસ નિમિતે ગાયત્રી મહામંત્ર અને મહામૃત્યુંજયના મંત્રોચ્ચાર સાથે દિર્ઘાયુ માટે પ્રાર્થના કરી હતી .

શહેરના કોસ રોડ બંધ કરવાની વાત વિસરાઈ

જિલ્લા પોલીસે તંત્રના અધિકારીઓ સમક્ષ અકસ્માતની દૃષ્ટિએ રોડ નેટવર્ક સુધારવા દરખાસ્ત કરી હતી

ગાંધીનગર, તા. ૧૮

શહેરમાં માર્ગ સલામતીને જોખમમાં મુકતા પરિબળોને ડામવા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. અગાઉ જિલ્લા પોલીસવડા અને પાટનગર યોજનાના અધિકારી વચ્ચે યોજાયેલી બેઠક દરમિયાન શહેરના વિવિધ કોસ રોડ બંધ કરવા ઉપરાંત જરૂરી બમ્પ બનાવવા સહિત સર્વિસ રોડ ખુલ્લા કરવા દરખાસ્ત પણ કરવામાં આવી હતી. પરંતુ આ દરખાસ્ત હજી અધ્ધરતાલ હોવાથી રોડ સેફ્ટીનો મુદ્દો રામભરોસે હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

સાડા ચાર દાયકા બાદ પણ નગરમાં માર્ગ સલામતીના નામે મીંડુ ચિતરાયેલું જોવા મળે છે. એક બાજુ ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે ગતિ નિયંત્રણની સુફીયાણી વાતોનો અમલ ન થતા બેફામ ગતિએ દોડતા વાહનોના લીધે દિનપ્રતિદિન અકસ્માતોના બનાવ વધી રહ્યા છે. માર્ગ સલામતીને જોખમમાં મુકતા પરિબળો ડામવા પણ હજુ સુધી કોઈ અસરકારક પગલા લેવાયા નથી. શહેરના ખુલ્લા અને પહોળા માર્ગો આસપાસ ફૂટપાથની આભા ઉભી કરવા કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે. જ્યારે માર્ગ વાઈડનીંગ અને નવીનીકરણ પાછળ પણ તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. ત્યારે રોડ સેફ્ટીની દૃષ્ટિએ માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળો સંદર્ભે માર્ગોની ભૌગોલિક સ્થિતિ હજુ પણ જોખમી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. અગાઉ તંત્રના અધિકારીઓ અને જિલ્લા પોલીસ વડા વચ્ચે બેઠક યોજવામાં આવી હતી. આ દરમિયાન શહેરના કોસ રોડ બંધ કરવા તેમજ જરૂરી સ્થળોએ બમ્પ બનાવવા પણ સૂચવાયુ હતુ. આ મામલે રજૂ થયેલી દરખાસ્ત સંદર્ભે પણ કોઈ નિર્ણય ન લેવાતા પૈડા પરની જિંદગી વધુ જોખમી બની છે.

ગાંધીનગરની સફાઈ તથા રખડતા ઢોર સામે વસાહતીઓમાં રોષની લાગણી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જાહેર માર્ગો તથા સેકટરોના આંતરિક રસ્તાઓ, વસાહતોમાં કચરાનાં ઢગલાઓ ખડકાયા છે. ખૂબ જ ગંદકી થવાથી બેસુમાર વાસ મારે છે. કચરાપેટીઓ ભરાઈ જાય છે તે સમયસર ઉપાડતી નથી. પરિણામે પવનથી કચરો ઉચકાઈને રસ્તાઓ, ઘરોમાં આવી જાય છે. જેથી વસાહતીઓ ત્રાહિમામ થઈ ગયા છે.

ગાંધીનગર શહેરના સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ખૂબ જ ગંદકી થયેલ છે. પરિણામે રોગચાળો ફેલાવાની દહેશત છે.

રસ્તા પર રખડતી ગાયોને પકડીને પાંજળાપોળમાં મોકલી આપવી જોઈએ. પશુઓ રસ્તા પર ગમેતેમ ચાલતા હોય છે. જેથી અકસ્માત થવાના સંજોગો બને છે.

મહાનગરપાલિકા પાસે કોઈ કામગીરી નથી. સફાઈ કામગીરીની છે. તો સાફ સફાઈમાં સમગ્ર મહાનગર પાલિકાએ રસ લેવો જોઈએ. તેમ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહજી બિહોલાએ જણાવેલ છે.

અંબાજી પદયાત્રામાં અર્ધશતક બુઝુર્ગની અનોખી શ્રદ્ધા-ભક્તિ

અમદાવાદના ૭૦ વર્ષીય ગીરીશભાઈ સતત ૫૩મી વખત ખુલ્લા પગે પદયાત્રામાં જોડાયા : શ્રદ્ધાના માર્ગે કોઈ નડતર આવતુ નથી : માંઈભક્ત

ગાંધીનગર, તા. ૧૮

ભાદરવી પૂનમ નજીક આવતા અંબાજીના દ્વાર તરફ જતા માર્ગો પર માંઈભક્તોની પગપાળા યાત્રા શરૂ થઈ ગઈ છે. ગજબનો આત્મવિશ્વાસ અને મનમાં અતૂટ શ્રદ્ધાનું ભાથુ બાંધી જય અંબેના નાદ સાથે ડગ માંડતા ભાવિકોમાં અનોખી શ્રદ્ધા-ભક્તિ જોવા મળે છે. અમદાવાદના ગીરીશભાઈ ૭૦ વર્ષની ઉંમરે સતત ૫૩મી વખત અંબાજી પદયાત્રામાં જોડાયા છે. અત્યાર સુધી ત્રણ વાર હૃદયરોગના હુમલાને વેઠી મોતને હાથતાળી આપનારા માંઈભક્તના મતે શ્રદ્ધાના માર્ગે આવો તો કોઈ નડતર આવતુ નથી.

પવિત્ર યાત્રાધામ અંબાજીના રૂટ પર ડગલે ને પગલે સેવા કેન્દ્રોની હાટડીઓ શરૂ થઈ ગઈ છે. માર્ગ પર પગપાળા જતા ભાવિકો માટે સંપૂર્ણ વ્યવસ્થા પુરી પાડવા સેવાભાવી આગેવાનો અને સંસ્થાઓ કામે લાગી ગઈ છે. ભાવિકો માટે અનોખી શ્રદ્ધાભક્તિ સમાન પદયાત્રામાં શક્તિની ભક્તિનો સમન્વય જોવા મળે છે ત્યારે વિવિધ સંઘમાં જતા પદયાત્રીઓનો બુલંદ હાંસલો શ્રદ્ધા-ભક્તિને તાદેશ્ય બયાન કરતો હોવાનું ધ્યાને આવ્યું છે. અમદાવાદના હાટકેશ્વર ગોપાલનગર વિસ્તારમાં રહેતા ૭૦ વર્ષીય ગીરીશભાઈ રતિલાલ જોષી સતત ૫૩મી વાર પદયાત્રામાં જોડાયા છે. ગીરીશભાઈના મતે શ્રદ્ધાના માર્ગે કોઈ નડતર આવતુ નથી. અમદાવાદથી અંબાજી સુધીની ૨૦૦ કી.મી.ની પદયાત્રા તેઓ ઉઘાડપગે પસાર કરે છે. જયઅંબેના સતત રટણ અને નિશાન સાથે શિવશક્તિ સંઘમાં યાત્રાના રૂટ પર આગળ વધતા ગીરીશભાઈ ત્રણવાર હૃદયરોગના હુમલાનો ભોગ બન્યા છે. આમ છતાં વર્ષોથી માતાજીના ધામમાં પગપાળા જવામાં કોઈ રૂકાવટ આવી નથી. બે વર્ષ અગાઉ સાથેના પદયાત્રીઓને તકલીફ થતા તેમણે ૬ નિશાન હાથમાં લઈ ૨૩ કિ.મી.ની પદયાત્રા કરી તે વાતને તેઓ માતાજીની કૃપાદૃષ્ટિ તરીકે ઉલ્લેખે છે. આ ઉપાંત ૫ વર્ષ અગાઉ વડગનર નજીક પદયાત્રા પસાર થતા ભમરાનું જુંડ ઉડ્યું ત્યારે પણ હાથમાં ધજા લહેરાવતા માંઈભક્તોનો કુદરતી બચાવ થયો હોવાનું પણ તેમણે શ્રદ્ધાપૂર્વક જણાવ્યું હતું. પદયાત્રીઓને સંદેશ પાઠવતા તેમણે જણાવ્યું હતું કે માર્ગમાં સ્થિત રાહત કેમ્પોમાંથી ભાવિકોને અપાતી ખાદ્યસામગ્રીનો બગાડ ન થાય તેમજ યાત્રા રૂટ પર ગંદકી ન ખડકાય તે મામલે યાત્રાળુઓએ સાવધાની દાખવવી જોઈએ.

ગાંધીનગરમાં શુક્રવારે વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જી.એસ.ઈ.સી.એલ.ના રીક્રીએશન કલબે ગણેશ મહોત્સવ અંતર્ગત કર્મચારી પરિવારો, જનસમાજમાં અંધશ્રદ્ધા નિવારણાર્થે ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ ૨૧મી સપ્ટેમ્બરના રોજ રાત્રે ૯.૦૦ કલાકે જી.ઈ.બી. કોલોનીમાં જાહેર જનતા માટે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાથાના રાજય ચેરમેન જયંત પંડ્યા ખાસ હાજરી આપી વ્હેમ, અંધશ્રદ્ધા, ચમત્કારો ઉપર વૈજ્ઞાનિક સમજ આપી ધારદાર વકતવ્ય આપશે.

ચમત્કારિક પ્રયોગોમાં એકના ડબલ, હાથમાંથી કંકુ- ભસ્મ નીકળવું, રૂપિયાનો વરસાદ, નજરબંધી, બોલતું તાવીજ, ઉકળતા તેલમાંથી હાથેથી પૂરી તળવી, મનગમતી મીઠાઈ ખવડાવવી, જીભની આરપાર ત્રિશુલ નાખવું, હાથ-માથા ઉપર દિવા રાખવા, કાનેથી ચિઠ્ઠી વાંચવી, હાથમાંથી લોહી નીકળવું, સંમોહન વિગેરેનું નિદર્શન કરી સ્થળ ઉપર લોકોને શીખડાવી દેવામાં આવશે.

વૈજ્ઞાનિક કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે જી.એસ.ઈ.સી.એલ.ના અધિકારીઓ, પ્રમુખ બી.આર. અધ્વયુ,ઉપપ્રમુખ એસ.એસ. ગામીત, સેક્રેટરી બી.એન. ગજ્જર, ટી.પી.એસ. ના પ્રોગ્રામ ઈન્ચાર્જ પી.ટી. ગોસાઈ, રીક્રીએશનના કારોબારી સદસ્યો હાજરી આપનાર છે.

જાથાના સહમંત્રી પ્રમોદ પંડ્યા, નિર્ભય જોશી, મનસુખ ગોહિલ, કાર્તિક બાવીસી, રાજુ યાદવ, કલાકાર ઉમેશ રાવ, દિનેશ હુંબલ અને ગાંધીનગરના શુભેચ્છાકો પ્રયોગ નિદર્શનમાં ભાગ લેશે.

જાથાનો લોકપ્રિય કાર્યક્રમને ધ્યાનમાં રાખી કલબે વિશેષ વ્યવસ્થા કરી છે. રીક્રીએશનના સદસ્યો તડામાર તૈયારી કરી રહ્યા છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭
સૂર્યાસ્ત : ૬.૪૩

તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે. લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૬ એમ.એમ.

ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૬૨ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
બર્ફી : ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
બર્ફી: ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
રાઝ-૩ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
રાઝ-૩ ૧૦.૦૦, ૧૦.૦૦
એક થા ટાઈગર : ૧૨.૩૦
જીના હૈ તો ઠોક ડાલ : ૩.૦૦, ૭.૪૫
કયામત રહી કયામત : ૫.૧૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
બર્ફી : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૨ :
રાઝ-૩ (૨ડી) : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
બર્ફી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦,૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
જીના હૈ તો ઠોક ડાલ : ૯.૦૦, ૫.૩૦
બર્ફી : ૧૧.૩૦, ૮.૩૦
એક થા ટાઈગર : ૨.૩૦

સૂર્યા, વાવોલ

એક થા સૉલજર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
સાજણ મને તમારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બર્ફી : ૧૦.૩૦, ૧.૧૫, ૨.૦૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રાઝ-૩ : ૧૧.૧૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
લવ સૅક્સ એન્ડ મલ્ટીપ્લેક્ષ: ૧૦.૪૫, ૧૦.૧૫
જીના હૈ તો ઠોક ડાલ : ૧.૩૦, ૭.૩૦એ
બર્ફી : ૫.૦૦

વિરાગ, કલોલ

સાજણ તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- ગણેશ મહોત્સવ નિમિતે શ્રી ગણેશ મહોત્સવ સમિતિ તથા શ્રી સોમનાથ મહાદેવ મંદિર સમિતિ દ્વારા સોમનાથ મહાદેવ મંદિર સેકટર-૧૬ ખાતે સવારે ૯.૦૦ કલાકે, શોભાયાત્રા તથા સ્થાપના. મંદિરના પરિસરમાં રાત્રે ૮.૦૦ કલાકે, 'હમારા મંચ' નામક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.
- ગણેશ મહોત્સવ નિમિતે ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવ ભુવનેશ્વર મંદિર, સેકટર-૬/ડી, ખાતે સવારે શોભાયાત્રા તથા સ્થાપના. રાત્રે ૯.૦૦ કલાકે, સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.
- ગણેશ મહોત્સવ નિમિતે ગણેશ યુવક મંડળ દ્વારા સેકટર-૧૪માં આવેલ શોપિંગ સેન્ટરની સામેના મેદાનમાં સવારે ૮.૩૦ કલાકે ગણેશ ભગવાનની શોભાયાત્રા તથા સ્થાપન.

આપની આજ

મેષ : કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે. વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે.

કન્યા : વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે. દુસ્સાહસ ન કરવું.

વૃશ્ચિક : સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે.

ધન : આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. રશ્મિબેન કમલેશભાઈ મહેતા (ઉ.વ.૫૦), બ્લોક નં.૨૨/૫, છ-ટાઈપ, સેકટર-૧૬, ગાંધીનગર.
- સ્વ. પ્રવીણકુમાર ચંદુલાલ પંચાલ, (ઉ.વ.૩૬), પ્લોટ નં. ૨૫૭/૧, સેકટર-૪એ, ગાંધીનગર.
- સ્વ. બાલુબેન કાળાજી ઠાકોર, (ઉ.વ.૬૦) ગામ-સિહોલી મોટી, તા.જી.ગાંધીનગર.
- સ્વ. રણછોડભાઈ નાગરદાસ પંચાલ, (ઉ.વ.૭૬) ૧૧૮/૭૨૬, ખોડીયારનગર, ગુજ.હાઉસિંગ બોર્ડ, ચાંદખેડા, અમદાવાદ.
- સ્વ. મંગાભાઈ છગનભાઈ સોલંકી (ઉ.વ.૬૨), સેકટર-૨૪, ઈન્દિરાનગર, ૫૭૫ કોમન પ્લોટ, ગાંધીનગર
- સ્વ.દિપકભાઈ રાઘવભાઈ રાઠોડ (ઉ.વ.૧૨) જીઈબી કોલોનીના છાપરાં, ગાંધીનગર.